ક્રમાંક : ગુજકા/વેટ/૧૭એ/૨૦૦૮-૦૯/જા.૬૪/૫૮

વાણિજિયકવેરા કમિશનરની કચેરી
ગુજરાત રાજય,
સી/૨, વાણિજિયકવેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ : ૩૮૦૦૦૯.
તારીખ : ૨-૧૨-૨૦૦૮

## જા હે ર પ રિ પ ત્ર

વિષય : કલમ-૬૩ હેઠળના ઓડીટ રીપોર્ટ બાબત.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમની કલમ-૬૩ અને નિયમ-૪૪ની જોગવાઇ મુજબ રૂ.૧ કરોડથી વધુ કુલ ટર્નઓવર તેમજ રૂ.૨૦ લાખથી વધુ ટેક્ષેબલ ટર્નઓવર ધરાવતા વેપારીઓએ હિસાબોનું ઓડીટ વર્ષ પૂરુ થયાના છ માસમાં કરાવી તે અંગેનો ઓડીટ રીપોર્ટ મળ્યેથી દિન-૩૦ માં સબંધિત ક્ષેત્રાધિકાર ધરાવતા અધિકારી સમક્ષ રજૂ કરવાનો થાય છે.

વિવિધ વેપારી મંડળ તેમજ વિવિધ વકીલ મંડળની ઓડીટ રીપોર્ટ રજૂ કરવામાં પડતી મુશ્કેલીઓ અંગેની રજૂઆતોને ધ્યાને લઇ વર્ષ ૨૦૦૭-૦૮ માટેના ઓડીટ રીપોર્ટ રજૂ કરવાની મુદત તા.૩૦-૧૧-૦૮ સુધી લંબાવવામાં આવેલ હતી. આમ છતા આ મુદત હજુ પણ લંબાવવા અંગેની રજૂઆતોને ધ્યાને લઇ હવે ઓડીટ રીપોર્ટ રજૂ કરવાની મુદત તા. ૧૨-૧-૨૦૦૯ સુધી લંબાવવામાં આવે છે.

આમ, ઓડીટ રીપોર્ટ તા. ૧૨-૧-૨૦૦૯ સુધીમાં રજૂ કરી શકાશે પરંતુ કલમ-૬૩ ની જોગવાઇ મુજબ ૬ માસમાં ઓડીટ કરાવવાનું મુશ્કેલ થાય તે બાબતને ધ્યાને લઇને જે વેપારીએ તા. ૧૨-૧-૨૦૦૯ સુધીમાં ઓડીટ રીપોર્ટ રજૂ કરેલ હશે તેઓ વિરૂધ્ધ કલમ-૬૩ ની જોગવાઇનું પાલન ન કરવા બદલ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ તથા ગુજરાત મૂલ્યવર્ધિત વેરાના નિયમો-૨૦૦૬ અન્વયેની કોઇ પણ દંડકીય કે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
( પી. કે. પુજારી )
વાણિજિયકવેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ.

નકલ રવાના :

૧. અધિક સચિવીશ્રી(કર), નાણાં વિભાગ, ગાંધીનગરને બે નકલમાં.
૨. વાણિજિયકવેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રીને.
૩. ખાસ વાણિજિયકવેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રીને.
૪. અધિક વાણિજિયકવેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રીને.
૫. સઘળા અધિક/સંયુકત વાણિજિયકવેરા કમિશનરશ્રીને.
૬. તમામ નાયબ વાણિજિયકવેરા કમિશનરશ્રીને.
૭. તમામ સહાયક વાણિજિયકવેરા કમિશનરશ્રીને.
૮. તમામ વાણિજિયકવેરા અધિકારીશ્રીને.
૯. દફતર/તાલીમ શાળાને દશ દશ નકલમાં.
૧૦. વાણિજિયકવેરા ખાતાની તમામ કચેરીઓ.
૧૧. ૫ નકલ જનસંપર્ક શાખાને.
૧૨. સઘળા માન્ય મંડળો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

( એન.એ.આચાર્ય. )
સંયુકત વાણિજિયકવેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ.